**પ્રધાનમંત્રીએ જોહાન્સબર્ગમાં G20 શિખર સંમેલનમાં ભાગ લીધો**

22 નવેમ્બર, 2025

પ્રધાનમંત્રીએ આજે જોહાન્સબર્ગમાં દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ, મહામહિમ શ્રી સિરિલ રામાફોસા દ્વારા આયોજિત G20 નેતાઓના શિખર સંમેલનમાં ભાગ લીધો હતો. આ G20 શિખર સંમેલનમાં પ્રધાનમંત્રીની 12મી ભાગીદારી હતી. પ્રધાનમંત્રીએ શિખર સંમેલનના ઉદ્ઘાટન દિવસના બંને સત્રોને સંબોધિત કર્યા. તેમણે રાષ્ટ્રપતિ રામાફોસાનો ભાવભર્યું આતિથ્ય અને શિખર સંમેલનનું સફળતાપૂર્વક આયોજન કરવા બદલ આભાર માન્યો હતો.

2. "સમાવેશી અને ટકાઉ આર્થિક વિકાસ, જેમાં કોઈ પાછળ ન રહી જાય" વિષય પર ઉદઘાટન સત્રને સંબોધન કરતાં, પ્રધાનમંત્રીએ દક્ષિણ આફ્રિકાની અધ્યક્ષતામાં સમૂહ તરફથી કુશળ પ્રવાસ, પ્રવાસન, ખાદ્ય સુરક્ષા, કૃત્રિમ બુદ્ધિમત્તા, ડિજિટલ અર્થવ્યવસ્થા, નવાચાર અને મહિલા સશક્તિકરણના ક્ષેત્રોમાં કરવામાં આવેલ કાર્યોનાં વખાણ કર્યાં. આ પ્રક્રિયામાં, તેમણે કહ્યું કે નવી દિલ્હી શિખર સંમેલન દરમિયાન લેવામાં આવેલ કેટલાક ઐતિહાસિક નિર્ણયોને આગળ વધારવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ એ બાબત પર ભાર આપ્યો કે, વિકાસના નવા માપદંડો પર વિચાર કરવાનો સમય આવી ગયો છે, જેમાં વિકાસના અસંતુલન અને પ્રકૃતિના વધારે પડતા શોષણ પર ધ્યાન આપવું જોઈએ, ખાસ કરીને એવા સમયે, જ્યારે G20 શિખર સંમેલનનું આયોજન પહેલીવાર આફ્રિકામાં કરવામાં આવી રહ્યું છે. આ સંદર્ભમાં, તેમણે કહ્યું કે ભારતની સભ્યતાની સમજણના આધારે "અવિભાજ્ય માનવતાવાદ" ના વિચારની શોધ કરવી આવશ્યક છે. તેમણે વિસ્તૃતમાં જણાવ્યું કે, અવિભાજ્ય માનવતાવાદ, સમાજ અને પ્રકૃતિ વિશે એક સંપૂર્ણ દ્રષ્ટિકોણ રાખે છે અને આજ રીતે પ્રગતિ અને ગ્રહ વચ્ચે સામંજસ્ય સ્થાપિત કરવામાં આવી શકે છે.

3. પ્રધાનમંત્રીએ સૌના વિકાસ, પ્રગતિ અને કલ્યાણ માટે ભારતના દ્રષ્ટિકોણને સ્પષ્ટ કરતાં G20 સમક્ષ વિચારો માટે છ દરખાસ્ત રજૂ કરી હતી. તે છે:

* G20 વૈશ્વિક પારંપરિક જ્ઞાન ભંડારની રચના: આ ભાવી પેઢીઓના લાભ માટે માનવતાના સામૂહિક જ્ઞાનનો ઉપયોગ કરવો.

* G20 આફ્રિકા કુશળતા ગુણકની રચના: આ કાર્યક્રમનો હેતુ આફ્રિકામાં યુવાનોને કૌશલ્ય પ્રદાન કરવા માટે એક મિલિયન પ્રમાણિત તાલીમાર્થીઓનો સમૂહ તૈયાર કરવાનો છે. તેનાથી સ્થાનિક ક્ષમતાઓનો વિકાસ થશે અને મહાદ્વીપમાં લાંબા ગાળાના વિકાસને પ્રોત્સાહન મળશે

* G20 વૈશ્વિક સ્વાસ્થ્ય સેવા પ્રતિક્રિયા દળનું નિર્માણ: આમાં  G20 ના દરેક દેશના સ્વાસ્થ્ય સેવા નિષ્ણાતો શામેલ થશે અને તેમને દુનિયાના કોઈપણ ભાગમાં વૈશ્વિક સ્વાસ્થ્ય પડકારો સામે લડવા માટે તૈનાત કરવામાં આવી શકાય છે.

* G20 મુક્ત ઉપગ્રહ ડેટા ભાગીદારીની સ્થાપના: આ કાર્યક્રમ દ્વારા G20 અંતરિક્ષ એજન્સીઓનો ઉપગ્રહ ડેટા વિકાસશીલ દેશોને કૃષિ, મત્સ્ય પાલન, આપત્તિ વ્યવસ્થાપન અને અન્ય પ્રવૃત્તિઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

* G20 ક્રિટિકલ મિનરલ્સ સર્ક્યુલરિટી પહેલની રચના: આ પહેલ રિસાયક્લિંગ, શહેરી ખનન, સેકન્ડ-લાઇફ બૅટરી પરિયોજના અને વિવિધ પ્રકારની નવીનતાને પ્રોત્સાહન આપશે, અને સપ્લાય ચેઇન સુરક્ષાને મજબૂત કરવામાં અને વિકાસના સ્વચ્છ માર્ગો વિકસાવવામાં મદદ કરશે.

* ડ્રગ ટેરર નેક્સસનો સામનો કરવા માટે G20 પહેલની રચના: આ ડ્રગ ટ્રાફિકિંગની સમસ્યાને હલ કરશે અને ડ્રગ-ટેરર ઇકોનોમીને તોડશે.

4. પ્રધાનમંત્રીએ "એક લવચીક વિશ્વ આપદા જોખમ ન્યૂનીકરણમાં G20નું યોગદાન, જળવાયુ પરિવર્તન, ન્યાયસંગત ઉર્જા પરિવર્તન, ખાદ્ય પ્રણાલીઓ" વિષય પર સંબોધન કર્યું"". તેમણે એ વાતનાં વખાણ કર્યાં કે, ભારત દ્વારા શરૂ કરવામાં આવેલ આપદા જોખમ ન્યૂનીકરણ કાર્ય સમૂહને આગળ લઈ જવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે આપદા પ્રબંધનનો દ્રષ્ટિકોણ "પ્રતિક્રિયા-કેંદ્રિત" ની જગ્યાએ "વિકાસ-કેંદ્રિત" હોવો જોઇએ. ભારત દ્વારા સ્થાપિત આપદા લવચીક ગઠબંધનને એક ઉદાહરણ તરીકે લેવામાં આવ્યું છે. પ્રધાનમંત્રીએ ખાદ્ય સુરક્ષાને મજબૂત કરવા માટે જળવાયુ એજન્ડા પર વધુ સામૂહિક કાર્યવાહી કરવા માટે આહ્વાન કર્યું. આ સંદર્ભમાં, તેમણે પોષણ સુરક્ષા અને પર્યાવરણીય ટકાઉક્ષમતાને પ્રોત્સાહન આપવામાં મિલેટ્સના મહત્વની નોંધ લીધી હતી. ભારતની અધ્યક્ષતા દરમિયાન ખાદ્ય સુરક્ષા પર અપનાવવામાં આવેલ ડેક્કન સિદ્ધાંતો પર પ્રકાશ પાડતાં, તેમણે કહ્યું હતું કે આવા દ્રષ્ટિકોણ ખાદ્ય સુરક્ષા પર G20 રોડમેપ બનાવવા માટેનો આધાર બનવો જોઈએ. તેમણે વિકસિત દેશોને આહ્વાન કર્યું હતું વિકાસશીલ દેશોને તેમની જળવાયુ કાર્ય પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરવા માટે  સમયબદ્ધ રીતે વાજબી નાણાં અને ટેકનોલોજી પ્રદાન કરવી.

5. પ્રધાનમંત્રીએ વૈશ્વિક શાસન સંરચનાઓમાં વૈશ્વિક દક્ષિણની વધારે ભાગીદારીની માંગણી કરી. આ સંદર્ભમાં, તેમણે કહ્યું હતું કે નવી દિલ્હી શિખર સંમેલનમાં આફ્રિકી સંઘને G20 ના કાયમી સભ્ય તરીકે શામેલ કરવું એક મોટું પગલું છે અને આ સમાવેશી ભાવનાને G20 થી આગળ લઈ જવું આવશ્યક છે. બંને સત્રોમાં પ્રધાનમંત્રીનું સંપૂર્ણ ભાષણ અહીં જોઈ શકાય છે [સત્ર 1; સત્ર 2]

જોહાન્સબર્ગ

22 નવેમ્બર, 2025